# ચૈતન્યશિલ્પીની ગરિમા

## ૨

ગુણાતીત જ્યોત
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦





## ૭૯. પૂ. પ્રફુલ્લાબેન દોશી

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ. જસુબેન |
| પિતાનું નામ | : | પૂ. જયંતિભાઇ |
| ભાઇ | : | પૂ. મહેન્દ્રભાઇ |
| બહેન | : | પૂ. મીનાબેન, પૂ. સ્મિતાબેન |
| મૂળ ધર્મ | : | જૈન |
| જ્ઞાતિ | : | વાણિયા |
| અભ્યાસ | : | S.S.C. |
| ભગવાનની અનુભૂતિ | : | ૦૫-૦૩-૧૯૭૧ |
| વ્રતધારણ દિન | : | ૦૭-૦૩-૧૯૭૩ |
| કેન્દ્ર નંબર | : | ૭૩ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : દેહ ને દેહભાવ ગણ્યા વિના સૌની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી. સામો મુક્ત મારા માટે ગ્રહણ જ કરે છે.**

ગૃહસ્થ માર્ગે શૂરવીરતાથી સાધના પથ પર ચાલીને પરમ ભાગવત સંત બનનાર પૂ.જસુબેન અને પૂ.જયંતિભાઈના ઘરે પ્રફુલ્લાબેનનો જન્મ થયો. પ્રફુલ્લાબેન ૧ થી ૪ ધોરણ મુંબઈમાં ભણ્યાં છે. પ્રફુલ્લાબેન ૬ વર્ષના હતા ત્યારે યોગીજી મહારાજની આજ્ઞાથી પ.પૂ. કાકાશ્રીએ જસુબેન, જયંતીભાઇ અને બાળકોને પાંચેય મંદિરની જાત્રા કરાવી હતી. આમ તેઓ સમજણા થયા ત્યારથી

સત્સંગમાં જ છે જેથી સગાંવ્હાલાંની કાંઇ જ ખબર નથી.

૧૯૬૬માં વિદ્યાનગર આવ્યા ને પ્રભુકૃપામાં રહેતા હતા ને ત્યાં રહીને ભણવાનું શરૂ કર્યું. ધોરણ ૫ થી ૧૦ સુધી વિદ્યાનગરમાં ગો.જો. શારદા મંદિર સ્કૂલમાં ભણ્યાં. જસુબેન અને જયંતિભાઇ પ્રભુકૃપામાં રહીને બહેનો, ભાઇઓની સેવા કરતાં હતાં તેથી પપ્પાજી જ તે બધા જ ભાઇ બહેનોનું ધ્યાન રાખતા. પૂ. મણીબેન પટેલ પણ આણંદથી સુમાબેન અને હરૂભાઇને લઇને વિદ્યાનગર જ્યોતમાં બહેનો-ભાઇઓની સેવા માટે આવ્યાં. આમ છ બાળકો ભણવામાં ભેગા થયા. તેથી બે વરસમાં પપ્પાજીએ જૂની જ્યોતના ત્રીજા માળના હોલમાં ભણનારી બહેનો માટે રહેવાનું શરૂ કર્યું. પૂ. દયાબેન અને પૂ. હંસાબેન ગુણાતીતને તેની જવાબદારી સોંપી. તેઓએ આ સેવા 'મા' બનીને કરી. જે બહેનનો જન્મ દિવસ હોય ત્યારે બધાને ફરવા લઇ જાય, વેકેશનમાં ટ્રીપ પણ કરાવે, દિવાળીમાં નવા ડ્રેસ પણ સીવડાવી આપે ને ખૂબ જ આનંદ કરાવતાં. સાચું શિક્ષણ પણ આપે ને બધું જ કામ શીખવે. ને અંદરની સાધના પણ ચાલે. એમ કરતાં ૧૯૭૧માં ગુરૂહરિ પપ્પાજીએ આતમમાં આવાસ કરી જન્મોજનમના સુખી કરી દીધાં. દયાબેનને ગુરૂપદે સ્વીકારી લીધા. S.S.C. ની પરીક્ષા આપીને તેઓ ઇંગ્લીશમાં ફેઇલ થયાં.

પપ્પાજીએ રીઝલ્ટ જોયું ને પૂછ્યું કે હવે આગળ શું કરવું છે ? પરીક્ષા આપવી છે ? આગળ ભણવું છે ? લગ્ન કરવા છે ? કે ભગવાન ભજવા છે ? પપ્પાજી માટે પ્રભુનો ભાવ તો હતો જ, તેથી તેમણે વિચાર કર્યો કે ભણીને ભગવાન જ ભજવા છે તો અત્યારથી કેમ ના ભજાય ? ને ભગવાન ભજવાનું નક્કી કર્યું ને પપ્પાજીએ કહ્યું કે, 'જેને સ્થિતિ કરવી હોય તેણે તરૂબેન અને શોભનાબેનની જેમ સેવામાં મંડી પડવું.' તેમને પપ્પાજીએ લખી આપ્યું કે 'માહાત્મ્યયુક્ત સેવાના પ્રચંડ પ્રવાહમાં હઠ, માન, ઈર્ષા, અહમ્, પ્રકૃતિ, સ્વભાવ બધું ક્યાં ધોવાઇ જશે તે ખબર જ નહીં પડે.' એમ તેઓને સેવામાં મૂક્યાં. દયાબેન અને હંસાબેનનો સાથ તો હતો જ. રોજ રાત્રે તરૂબેન રોજનીશી માગે એમ કરતાં કરતાં સેવામાં તેમને ખૂબ આનંદ આવવા લાગ્યો. ૧૯૭૧માં ગુરૂહરિ પપ્પાજીએ

જીવમાં દ્રષ્ટારૂપે સ્થાન લીધું. ને ૧૯૭૩માં કાષાંબરી દીક્ષા લીધી. અત્યારે તેઓ જસુબેનના સાંનિધ્યમાં રહી સાધના કરી રહ્યાં છે.

પૂ. માસીબા અને પૂ. મામીના હાથ નીચે રસોડામાં, પછી નાસ્તામાં, કુલરમાં, સીઝનની સેવા પાપડી, કાતરી, સોસ, અથાણાની સેવા કરી. બ્રેડ બનાવતાં પણ તેઓ અને મંજુબેન ઝાટકિયા શીખ્યાં. પપ્પાજીની આજ્ઞા કે બહારનું નહીં ખાવાનું તેથી દૂધનો માવો બનાવી બરફી પેંડા બનાવતાં શીખવ્યું. ત્યાર પછી સિવણની, દરવાજો સાચવવાની અને પ્રતિતીની સેવામાં મૂક્યાં. ફોટોગ્રાફીનો વિભાગ સોંપ્યો ત્યારે પપ્પાજીએ કોમ્પ્યુટર શીખવા તેમને અને કુસુમબેન ગોહિલને બહાર મોકલ્યા. પપ્પાજીના ફોટા ને પપ્પાજીના ફોટાની નેગેટીવ સ્કેન ઘરે જ કરવાનું થયું. આ રીતે અત્યારે પણ તેઓ ‘પરમ વિભાગમાં સેવા કરી રહ્યાં છે.

પ્રફુલ્લાબેન માહાત્મ્યનું સ્વરૂપ છે. તે મૌન રહી સેવા કર્યા જ કરે, તેમને સ્વભજનની પણ ટેવ છે. કેમ કરીને સામી વ્યક્તિને સાનુકૂળ થઈ જાઉં તેવું તેમને અનુસંધાન હોય છે. તેમનામાં નિર્માનીપણું અને રાંકભાવ પણ એટલો જ છે.

એવા પ્રફુલ્લાબેનને અમ સહુ સાધકોના સ્નેહે વંદન !!!



## ૮૦. પૂ. જાગૃતિબેન ઠક્કર

| | | |
|---|---|---|
| માતાનું નામ | : | પૂ.પુષ્પાબેન |
| પિતાનું નામ | : | પૂ. ભગવાનજીભાઈ |
| ભાઈ | : | પૂ. ભરતભાઈ, પૂ. રાજુભાઈ, પૂ. ઉમેશભાઈ, પૂ. ધનેશભાઈ |
| બહેન | : | - |
| મૂળ ધર્મ | : | સ્વામિનારાયણ |
| જ્ઞાતિ | : | લુવાણા ઘોઘરી |
| અભ્યાસ | : | B.A., 1 year |
| ભગવાનની અનુભૂતિ | : | ૨૮-૧૦-૧૯૭૦ |
| વ્રતધારણ દિન | : | ૧૨-૧૦-૧૯૭૫ |
| કેન્દ્ર નંબર | : | ૭૪ |

**સાધનાનું બ્રહ્મસૂત્ર : મસ્તીમાં રહી ગરજુ થઈ સેવા કરવી ને દિવ્યભાવે જીવવું.**

પૂ. જાગૃતિબેનના મમ્મી પૂ. પુષ્પાબેનને ભગવાન ભજવાનો અંદરથી મનોરથ હતો જ, પરંતુ આવો જોગ તે વખતે ન હતો. જે જ્યારે જોગ મળ્યો ત્યારે ગૃહસ્થ બની ગયાં હતાં. પુષ્પાબેને ભજન, પ્રાર્થના કરી પ્રભુ પાસે બેબી જ માગી ને જાગૃતિબેનનો જન્મ થયો. પુષ્પાબેનને સંકલ્પ થઈ ગયો કે, ‘બેબી ભગવાન

ભજે તો સારું.' એ સંકલ્પે જાણે પ્રભુની દ્રષ્ટિ પડી ગઇ. તેઓ નાનપણથી જ તારદેવ તેમના મમ્મી સાથે જતાં હતાં.

૧૯૬૬માં બહેનો વિદ્યાનગર આવવાના હતાં ત્યારે તેમના મમ્મીને પૂ. દેવીબેને કહ્યું કે, 'અમે જવાના છીએ તો તમે બેબીને લઇને તારદેવ આવો.' તેમના મમ્મી તેમને લઇને ગયાં. દેવીબેને પૂછ્યું, 'તું વિદ્યાનગર આવીશ ?' તેમણે ના પાડી ને કહ્યું કે, 'મને મુંબઇ સિવાય ક્યાંયનું પાણી ભાવતું નથી.' ત્યારે જ દેવીબેનની દ્રષ્ટિ પડી ગઇ ને દેવીબેનને સંકલ્પ થઇ ગયો કે પાણી તો શું પણ બધું જ ભાવતું ને ફાવતું થઇ જશે. ત્યાર પછી તેમના ઘરના બધા જ મુક્તો ગોંડલ દર્શન કરવા ગયા હતા. તેમના ભાઇ સંતો સાથે જોગીબાપાની રૂમની સેવા કરતા હતા. સંતોએ તેમને પૂછ્યું, 'ભાઇ પાણી પીશો ?' તેમણે હા પાડી ને તેમને પાણી ભાવ્યું. તેમને વિચાર આવ્યો કે મારી બેનને પણ આ પાણી ભાવશે. તેમણે સંતોને કહ્યું, 'મને લોટામાં પાણી આપો ને. મારી બેન માટે લઇ જવું છે.' ત્યાં તો જોગીબાપા પધાર્યા ને પૂછ્યું કે 'શું જોઇએ છે ?' સંતોએ કહ્યું કે તેમની બેન માટે પાણી લઇ જાવું છે. બાપા કહે, 'લાવો લાવો અમે જ આપીએ.' આમ જાગૃતિબેન માટે પાણી જોગીબાપાએ આપ્યું.

એજ રીતે ૧૯૬૮ની સાલમાં જાગૃતિબેન પહેલી વાર વિદ્યાનગર આવ્યાં. ખૂબ તાપ હતો. તાપથી કંટાળી ગયાં હતાં. પ.પૂ. પપ્પાજી પ્રભુકૃપાના દરવાજામાં ઉભા હતા. તેમના હાથમાં પાણીનો ગ્લાસ હતો. જાગૃતિબેનને જોઇને કહે, 'બેન પાણી પીશો ?' તેમણે હા પાડી ને પાણી પીધું ને પાણી ભાવ્યું. તે વખતે તેઓનો ઉતારો ગીતા નિવાસમાં હતો. નાના છોકરાઓ, ગરમી અને અવાજથી તેઓ કંટાળી ગયાં હતાં. સાંજે પૂ. જ્યોતિબેન તેમના મમ્મીને મળવા ગયાં અને તેમને પૂછ્યું કે 'બેબી શું કરે છે ?' પુષ્પાબેન કહે, 'એને અહીં ગમતું નથી.' પછી જ્યોતિબેન જાગૃતિબેનને મળ્યા ને પૂછ્યું 'કેમ ગમતું નથી ?' જાગૃતિબેન કહે, 'મને તો ઘરે જ્યોતની બહુ સારી સારી વાતો કરી હતી પણ અહીં તો એવું કશુંય નથી.' જ્યોતિબેન કહે, 'આ જ્યોત નથી. જ્યોત તો સામે છે. ચાલ તારે આવવું છે ? તું દેવીબેનની રૂમમાં રહીશ ?' એમણે હા પાડી ને જ્યોતમાં આવ્યાં. દેવીબેનની રૂમ નં – ૯ માં રહ્યાં. બીજા દિવસે થાકને લીધે બે-ત્રણ કલાક સૂઇ ગયા. દેવીબેને તેમને

ઉઠાડ્યાં. માટલીમાંથી પાણી આપ્યું ને કહે, 'લે પાણી પીવું છે ?' તેમણે કહ્યું, 'થોડુંક પાણી પીશ.' આમ તેમને પાણી ફાવી ગયું ને ભાવી ગયું. જોગીબાપા, પપ્પાજી અને દેવીબેને પાણી પીવડાવીને પાણી ભાવતું કરી દીધું.

જાગૃતિબેન નાનપણથી ખૂબ શોખીન. છતાંય કહે એમ કરવાનું સિંચન પામીને પૂ. વસુબેન ગાંધી જેવા ચૈતન્ય માધ્યમનો સમાગમ કરીને જ્યોતમાં આવન જાવન કરતાં હતાં. રોજ કથાવાર્તામાં સાંભળે કે આપણે ઠરાવ કરવો નહીં. તેથી મનમાં વિચારે કે મારે ભગવાન ભજવા છે એવો ઠરાવ પણ ન થાય ? અંતર્યામીપણે પપ્પાજીએ પૂછ્યું, 'જાગૃતિ, તારે ભગવાન ભજવા છે ?' જાગૃતિબેન કહે, 'હા, પણ એવો ઠરાવ ન કરાયને એટલે કરતી નથી.' પપ્પાજી કહે, 'એવો ઠરાવ તો કરાય.' તો જાગૃતિબેન કહે, 'તો કર્યો એવો ઠરાવ.' આમ ખૂબ સરળતા જીવનમાં રાખી તો ગુરૂહરિ પપ્પાજીએ પણ ૧૯૭૦માં આતમમાં આવાસ કરી જીવને જન્મોજનમની આ પ્રાપ્તિની જાગ્રતતા આપી દીધી ને ૧૯૭૨ના તો ગુણાતીત જ્યોતમાં પ્રભુ અર્થે જીવન જીવવાનું વ્રત લીધું. કાષાંબરી દીક્ષા મળી. તેમણે બધી જ ટુકડીમાં સેવા કરી છે.

એક વખત તેમને દેવીબેન સાથે મુંબઇ જવાનું હતું. તેમના મનમાં ગડમથલ ચાલતી હતી તેથી જવાનું મન ન થાય. પપ્પાજીને કાગળમાં લખીને આપવા ગયા પણ પપ્પાજી ખૂબ કામમાં હતા. ત્યાં પૂ. તારાબેન મળ્યાં. તારાબેને પૂછ્યું, 'શું કરે છે ?' તેમણે કહ્યું 'પપ્પાજીને આ કાગળ આપવો છે. મુંબઇ જવા નીકળવાનો સમય થઇ ગયો છે.' તારાબેન કહે, 'તું જા.' જાગૃતિબેન કહે, 'પણ મને તો જવાબ જોઇએ છે.' તારાબેન કહે, 'તારી ટ્રેન ઉપડશે એ પહેલાં તને જવાબ મળી જશે.' તારાબેને પપ્પાજીને કાગળ આપ્યો ને તરત પપ્પાજીએ જવાબ લખ્યો. ને તારાબેન રીક્ષા કરીને સ્ટેશને ગયા ને તેમને જવાબ આપ્યો. પપ્પાજીએ લખ્યું હતું પણ તેમને તેમાં સમજ ન પડી એટલે તારાબેને કહ્યું કે, 'સંપ, સુહૃદભાવ ને એકતા માટે આ બધું ગોઠવ્યું છે.' આમ આ ચારે સ્વરૂપોએ તેમના જીવનમાં ખૂબ ભાગ ભજવ્યો છે. પપ્પાજી હંમેશા એમને કહે કે 'તું દેવી જેવી જ છે. તું ધોળી છે ને એ કાળી છે.' જાગૃતિબેને કહ્યું, 'પપ્પા તમે કહો છો પણ એના જેવા

ગુણ તો નથી.' પપ્પાજી કહે, 'એ પણ આવશે પણ એને માટે સાધના કરવી પડશે.' અને તેમણે પ્રીતિ, વિશ્વાસ ને પ્રપત્તિના અંગે સાધના કરી.

તેમણે બધી જ ટુકડીમાં સેવા કરી છે. પપ્પાજીની રસોઈ પણ બનાવતાં અને ખૂબ જ ભાવથી જમાડતાં. અત્યારે તેઓ દેવીબેનના સેવક તરીકે દેવીબેનની રસોઈ બનાવવાની સેવા કરે છે. તેમને સ્વાધ્યાય કરવાની અને સાથે સાથે મનન ચિંત્વન કરવાની પણ ટેવ છે. તેમને સ્મૃતિની, મહિમામાં રહેવાની, મુક્તોના માહાત્મ્યમાં રહેવાની પણ ખૂબ જ ટેવ છે. તેઓ હંમેશા જાગ્રત સાધકની અદાથી જીવે છે.

આવા જાગૃતિબેનને અમ સહુ સાધકોના સ્નેહે વંદન !!!